જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૮/૨૦૧૮ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૮૨/૧૮

ક્રાઇમબ્રાંચ :

ફરિયાદી સંતોષ રાજુભાઇ શેટ્ટી રહે. વેજલપુર અમદાવાદ શહેર નાઓએ સાઇબર ક્રાઇમ બ્રાંચમા ફરિયાદ આપેલ કે તેઓ અઢી વર્ષથી જે.એમ.એસ. લોજેસ્ટીક એક્ષપ્રેસ પ્રા. લી. (વાઉ એક્ષપ્રેસ લી.)આંગન બીલ્ડીગ વાડજ અમદવાદ શહેર ખાતે કુરીયર કંપનીમા કલસ્ટર મેનેજર તરીકે નોકરી કરે છે. તેઓની કંપનીની હેડ ઓફીસ સાકીનાકા મુંબઇ ખાતે આવેલ છે અને તેઓની કંપની નાઇકા તથા લાઇમ રોડ કંપનીઓ પાસેથી જે ગ્રાહકો ઓનલાઇન સામાન/ પ્રોડક્ટ્સ મંગાવે તેની ડીલીવરી કરી ગ્રાહકો પાસેથી સી.ઓ.ડી. (કેશ ઓન ડીલીવરી) મેળવે છે. જેમા નાઇકા તથા લાઇમ રોડ ઓનલાઇન શોપીંગ કંપની અમારી કંપનીને ઓડર આપે તે મુજબ જે તે કંપનીના વેર હાઉસમા અમારી કુરીયર કંપનીના માણસો જઇ ત્યાથી ટ્રેકીગ નંબર સ્કેન કરી અને સામાન/ પ્રોડક્ટ્સ પીક અપ કરી અમારી કુરીયર કંપનીના વેરહાઉસમા લાવી ત્યાં સીટી વાઇસ માલ નુ શોર્ટીગ કરી માલ ડીસ્પેચ કરે છે અને સામાન/પ્રોડક્ટ્સ તથા કસ્ટમરોનો ડેટા કંપનીના વેરહાઉસ મારફતે જે તે શહેરમા ઇમેલ મારફ્તે ટ્રાન્સફર કરવામા આવે છે. ગઇ તારીખ ૧૫/૦૨/૨૦૧૮ થી તા.૨૮/૦૮/૨૦૧૮ સુધી ઉપરોક્ત બન્ને કંપની તરફથી અમોને જે સામાન/પ્રોડક્ટ્સ ડીલીવરી કરવા સારૂ મોકલેલ તે સામાન/પ્રોડક્ટ્સ અમારી ડીલીવરી થાય તે પહેલા ગ્રાહકોને કેશ ઓન ડીલીવર થઇ ગયેલ હતો પરંતુ ગ્રાહકોએ ઓર્ડર કર્યા મુજબ સામાન/પ્રોડક્ટ્સ મળેલ ન હતો અને એ રીતે અમદાવાદ શહેરના ૭૫ ગ્રાહકોને રૂ.૮૯,૧૨૨/- ની સામાન/પ્રોડક્ટ્સ મળેલ ન હોવાનુ અમોને જાણવા મળતા કોઇ અજાણ્યા ઇશમો નાઇકા તથા લાઇમ રોડ કંપની કે અમારી કુરીયર કંપનીના ગ્રાહકોના ડેટા કોઇ પણ રીતે ચોરી કે છળકપટથી મેળવી કંપનીનુ નામ ખરાબ કરવાના ઇરાદે કંપની તથા ગ્રાહકો સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરેલ હોય તે અંગેની ફરિયાદ આપતા ડી.સી.બી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૬૧/૨૦૧૮ આઇપીસી કલમ ૪૦૬,૪૨૦,૧૨૦ બી તથા આઇ.ટી. એક્ટ કલમ ૪૩,૬૬,૬૬ બી , ૮૪ બી મુજબ ગુનો દાખલ કરવામા આવેલ અને ગુનાની તપાસ સાયબર ક્રાઇમના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી વી.બી.બારડને સોપવામા આવેલ હતી

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના ઇન્ચાર્જ ખાસ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા સાયબર ક્રાઇમ બ્રાંચના નાયબ પોલીસ કમિશનર, શ્રી ડૉ.રાજદિપસિંહ ઝાલા તથા સાયબર ક્રાઇમ બ્રાંચ ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશનર શ્રી જે એસ ગેડમ નાઓએ ઉપરોક્ત બનાવને ગંભીરતાથી લઇ ઓનલાઇન શોપીગ કંપની અને કુરીયર કંપની ના ડેટા ચેક્ટ(ચોરી) કરી કંપની તથા ગ્રાહકો સાથે ફ્રોડ ના બનાવો બનતા હોય તેને ત્વરીત શોધી કાઢી આરોપી પકડી પાડવા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વી.બી.બારડ નાઓને સુચના કરતાં પો.ઇ. શ્રી વી.બી.બારડ નાઓએ ફરીયાદ નો અભ્યાસ કર્યા બાદ સ્કોડ્ના પો.સબ.ઇન્સ. શ્રી આર.કે. સોલંકી, પો.સબ.ઇન્સ શ્રી એસ.વી.ગળચર તથા સાયબર ક્રાઇમના પોલીસા ટીમના માણસો સાથે ગ્રાહકોના રહેણાક સ્થળ ઉપર જઇ સી.સી.ટી.વી. ફુટેજ મેળવી

અને ટેકેનીકલી એનાલીસિસ કરતા સામન/પ્રોડ્કટ્સના પાર્સલની ડીલીવરી કરવા માટે વાહનમા આવનાર ઇસમના ફોટોગ્રાફ્સ તથા વાહન નંબર મેળવી તપાસ કરતા ગુનાના કામે આરોપી (૧) હિરેન સ/ઓફ રમેશ શ્યામજીભાઇ શંકર ઉ.વ.૨૮ રહે. કતાર ગામ સુરત (૨)ધાર્મિક સ/ઓફ લવજી ભાઇ વનાભાઇ ગાંગાણી રહે. યોગી ચોક વરાછા સુરતનાઓ સંડોવાયેલ હોય આ બન્નેને તા.૨૮/૦૮/૨૦૧૮ નારોજ અટક કરવામા આવેલ છે અને આરોપીઓની રીમાન્ડ મેળવવા તજવીજ ચાલુ છે

આ ગુનાની તપાસ દરમિયાન જાણવા મળેલ છે કે આરોપી હિરેન સને ૨૦૧૨ થી ૨૦૧૬ સુધી સુરત ન્યુ ટેક્ષટાઇલ માર્કેટમા વિમેન ડ્રેસીસનો ધંધો કરતો હતો તે દરમિયાન આરોપી હિરેન સ્નેપડીલ ઓનલાઇન શોપીંગ કંપનીના સેલર હોય જેથી તેઓ સ્નેપડીલનો ઓડર મુજબ નો માલ વાઉ(wow) એક્ષપ્રેસ કુરીયર , ફેડેક્ષ કુરીયર ડીલીવરી કુરીયર એક્ષ્પ્રેસ બીઝ  કુરીયર કંપની મારફતે માલ સ્નેપડીલને મોકલતા હતા જેથી આરોપી હિરેન આ કુરીયર કંપનીના માણસો સાથે સંપર્કમા હોય તે દરમિયાન સુરત ઉધના ખાતે વાઉ(wow) એક્ષ્ પ્રેસ કુરીયર કંપનીની ઓફીસમા કામ કરતા દીપક પાટિલ નામ ના માણસ સાથે ઓળખાણ થયેલ હતી અને આરોપી હિરેને ઓનલાઇન શોપીંગ કંપની પોતાના ગ્રાહકોને કુરીયર મારફતે સામન/પ્રોડ્કટ્સ કેવી રીતે મોકલે છે તે બાબતની જાણકારી મેળવેલી હતી બાદ આરોપી હિરેનને ધંધામા રૂ.૭૦ લાખ નુ દેણુ થઇ જતા ધંધામા ખોટ ગયેલ હોવાથી હાલ કોઇ કામ ધંધો ન કરતો હતો

જ્યારે આરોપી ધાર્મિક સુરત ખાતે પોતાના એમ્બ્રોડરી મશીન રાખી એમ્બ્રોડરી નુ જોબ વર્ક કરતો હતો અને તે દરમિયાન ધાર્મિક હિરેન ને કામ શીખવતો હોય જેના કરણે બન્ને છેલ્લા ૨(બે) વર્ષ થી એકબીજાના પરિચયમા હતા.  અને છેલા ઘણા સમયથી એમ્બ્રોડરીના ધંધામા મંદી આવતા ધંધો બરોબર ચાલતો ન હોય મશીનરી વેચી નાખી હતી અને હાલ કોઇ કામ ધંધો કરતો ન હતો આમ બન્ને આરોપીઓ બેકાર હોય જેથી વાવ(wow) કુરીયર કંપનીના માણસા દીપક પાટિલ નો સંપર્ક કરી તેની પાસેથી નાઇકા તથા લાઇમ રોડ નામ ની ઓનલાઇન શોપીંગ કંપનીનો ડેટા મેળવી છેલ્લા એક મહિનાથી સરદાર મોલ ઠક્કરબાપાનગર અમદાવાદ ખાતે ઓફીસ ભાડે રાખી આ બન્ને કંપનીના ગ્રાહકોનો ઓડર મુજબની ચીજ વસ્તુઓ ડેટામા જોઇ તેવી જ સામાન/પ્રોડ્કટ્સ સુરત તથા અમદાવાદ લોકલ માર્કેટ્માથી ખરીદી કરી પોતાની ઓફીસમા પેકીંગ કરી શોપીંગ કંપની તથા ગ્રાહકના નામ,સરનામાની સ્લીપ લગાડી પોતાના કુરીયર મારફતે ડીલીવરી કરાવતા હતા અને ગ્રાહકો પાસેથી રોકડા (કેશ ઓન ડીલીવરી) મેળવતા હતા અને કુરીયર બોય આ રોકડા રૂપીયા આરોપીને આપતા હતા.

આરોપીઓ કુરીયર બોય ને એક પાર્સલ ડીલીવરી કરવાના રૂ.૫૦ ચુકવતા હતા અને આરોપીઓ દીપક પાસેથી એક્સેલ શીટ્મા ગ્રાહકોનો ડેટા ઇમેલ મારફતે મેળવતા હતા અને દીપકને

એક(૧) ડેટાના રૂ.૩ લેખે ચુકવણી કરતા હતા આ ગુનાની તપાસ દરમિયાન આરોપી હિરેનના ભાઇ રવી તથા સુરત વાવ(wow) એક્ષ્પ્રેસ કુરીયરના કર્મચારી દીપક પાટિલની સંડોવણી ખુલવા પામેલ છે અને અમદાવાદ શહેરના ૭૫ જેટલા  ગ્રાહકો પાસેથી કેશઓન ડીલીવરી કરી રૂ.૮૯૦૦૦/- જેટલી રકમ મેળવેલ હોવાનુ તપાસમા જણાઇ આવેલ છે

કબજે કરેલ મુદ્દામાલ:

(૧) ત્રણ મોબાઇલ ફોન (૨) એક લેપટોપ (૩)ફેરનેસ ક્રીમ નંગ-૧૩ (૪) ફેસ માસ્ક ક્રીમ નંગ-૦૭ (૫)હેર વેક્સ નંગ-૦૭ (૬) હેર રીમુવર નંગ-૧૨ (૭) વિમેન ડ્રેસીસ નંગ-૩૦૦

આરોપીનો ઇતીહાસ

(૧)ધાર્મિક:મુળ ગામ રોયલ ગામ તળાજા જિ.ભાવનગર ના રહેવાસી છે અને જન્મથી સુરત ખાતે માતા-પિતા સાથે રહે છે અને તેણે ધોરણ ૧૧ સુધીનો અભ્યાસ કરેલ છે તેમજ એમ્બ્રોડરી ડીઝાઇનની જાણકારી ધરાવે છે

(૨)હિરેન:મુળ ગામ લાઠી જિ. અમરેલી ના રહેવાસી છે અને હાલ સુરત ખાતે પોતાની પત્ની તથા માતા-પિતા સાથે રહે છે અને ધોરણ ૧૧ સુધી અભ્યાસ કરેલ છે અને અગાઉ સુરત ખાતે હોલ સેલના વેપારી તરીકે વિમેન ડ્રેસનો વેપારા ધંધો કરતા હતા તેમજ સને ૨૦૦૮ થી ૨૦૧૨ સુધી સરદાર મોલ ની સામે મારુતી બિલ્ડીગમા હીરા ઘસવાનુ કામ કરતો હતો

**સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એ" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ પ્રોહી જેવી અસામાજીક પ્રવુતીને સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ સોલા હાઇકોર્ટ પો.સ્ટે ખાતે કેમીકલમાથી ઇગ્લીશ દારૂ બનાવવાના ગુનામાં પકડાયેલ આરોપીઓ (૧) પ્રવિણ ઉર્ફે જીવા પુંજીયા યાદવ ઉવ.૨૦ ધંધો. કડીયાકામ રહે.સરતાનભાઇ રબારીની ઓરડીમાં, ટેકરાવાળો વાસ પાસે, ભાડજ ગામ, સોલા, અમદાવાદ મુળ વતન ગામ.ગરનાવટ તા.ધાટોલ જી.બાંસવાડા રાજસ્થાન વિરુધ્ધ દાખલ થયેલ ગુનાને ધ્યાને લઇ સદરી વિરુધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૭૧૧/૨૦૧૮ તા.૧૧/૦૮/૨૦૧૮ થી ખાસ જેલ પાલાર ભુજ તથા (૨) દિપાંકર પ્રણબ પ્રદિપ શર્મા ઉવ.૧૯ ધંધો.હેર કટીંગ રહે.સરતાનભાઇ રબારીની ઓરડીમાં, ટેકરાવાળો વાસ પાસે, ભાડજ ગામ, સોલા, અમદાવાદ મુળ વતન ગામ.શાંતિનગર બોરપેટા તા.જી.બોરપેટા આસામ વિરુધ્ધ દાખલ થયેલ ગુનાને ધ્યાને લઇ સદરી વિરુધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૭૧૨/૨૦૧૮ તા.૧૧/૦૮/૨૦૧૮ થી મધ્યસ્થ જેલ રાજકોટ તથા (૩) કિષ્ણા રાજકુમાર થાપા ઉવ.૧૯ ધંધો. વેપાર રહે.સરતાનભાઇ રબારીની ઓરડીમાં, ટેકરાવાળો વાસ પાસે, ભાડજ ગામ, સોલા, અમદાવાદ મુળ વતન ગામ.શાંતિનગર બોરપેટા તા.જી.બોરપેટા આસામ વિરુધ્ધ દાખલ થયેલ ગુનાને ધ્યાને લઇ સદરી વિરુધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૭૧૩/૨૦૧૮ તા.૧૧/૦૮/૨૦૧૮ થી મધ્યસ્થ જેલ વડોદરા તથા (૪) હકરુ લક્ષ્મણ ગૌતમ યાદવ ઉવ.૨૦ ધંધો.કડીયાકામ રહે.સરતાનભાઇ રબારીની ઓરડીમાં, ટેકરાવાળો વાસ પાસે, ભાડજ ગામ, સોલા, અમદાવાદ મુળ વતન ગામ.મુગાણા તા.ધરીયાવજ જી.પ્રતાપગઢ રાજસ્થાન વિરુધ્ધ દાખલ થયેલ ગુનાને ધ્યાને લઇ સદરી વિરુધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૭૧૩/૨૦૧૮ તા.૧૧/૦૮/૨૦૧૮ થી મધ્યસ્થ જેલ સુરત ખાતે રાખવાનો હુકમ કરેલ હોય જે આધારે સદરી પાસા અટકાયતીઓને નામદાર કોર્ટના હુકમ આધારે સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે ઉપરોક્ત પાસા હુકમોની બજવણી કરી હુકમ મુજબ અલગ અલગ જેલ ખાતે મોકલી આપી સારી અને પ્રસંશનીય કામગીરી કરતી સોલા હાઇકોર્ટ પોલીસ.

**<u>વેજલપુર પોલીસ સ્ટેશન :</u>**

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર ૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એમ" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અસામાજીક પ્રવુતી અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે સિનીયર પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી પટેલ નાઓ તથા માણસોએ અત્રેના વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશન સંબંધી ગુનામા સંડોવાયેલ ફૈઝાન ઉર્ફે પાંગા રફીકભાઈ શેખ ઉ.વ.૨૩ રહે: મ.નં.૧ રોનક પાર્ક, એ.પી.એમ.સી. માર્કેટ પાછળ, જુહાપુરા, વેજલપુર અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમા પ્રોહીબીશનના ગુનાઓ નોંધાયેલ હોય સદરી આરોપી વિરુધ્ધ પુરાવા એકત્ર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ પાસા દરખાસ્ત સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક:- પીસીબી/ડીટીએન/પાસા/૭૯૯/૧૮ તા.૩૦/૦૮/૨૦૧૮ થી હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને આજરોજ તા.૩૦/૦૮/૨૦૧૮ ના ક્લાક ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી "ખાસ જેલ પાલારા ભુજ" ખાતે પાસા અટકાયતીને જરુરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે તા.૩૦/૦૮/૨૦૧૮

**<u>મેઘાણીનગર પોલીસ સ્ટેશન :</u>**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ નં. ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૭૯૮/૨૦૧૮ તા. ૩૦.૦૮.૨૦૧૮ ના પાસા અટકાયતી આકાશ ઉર્ફે રાહુલ ઉર્ફે રિસ્કીબોય સ/ઓ મુકેશભાઇ જાતે દિવાકર ઉ.વ.૧૯ રહે. ચુનીલાલની ચાલી, ગુરુકૃપાનગર, ભાર્ગવરોડ, મેઘાણીનગર, અમદાવાદ શહેર શહેર ના વિરુધ્ધ મેઘાણીનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૯/૧૮ ઇપીકો કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭ તથા જીપીએક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા ફ.ગુ.ર.નં.૯૮/૧૮ ઇપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબ તથા નરોડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૨૬૮/૧૮ ઇપીકો કલમ ૩૭૯, ૫૧૧, ૪૨૭, ૧૧૪ મુજબના દાખલ થયેલ ચોરીના ગુનામાં આરોપી વિરુધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીને પાસા હુકમની બજવણી કરી આજરોજ મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપેલ છે.તા.૩૦.૦૮.૨૦૧૮

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"સરખેજ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "સરખેજ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.